c/૧૧

નોંધણી સર નિરીક્ષકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરની કચેરી,

સ્ટેમ્પ અને નોંધણી ભવન,

બીજો માળ, "ખ-૫" સર્કલ, સેકટર-૧૪, ગાંધીનગર

ક્રમાંક : ઈજર/વહટ/૩૩૭/૨૦૧૫/૩૩૬૬૭-૯૯૮ તા.૨૮/૦૯/૨૦૧૫

## વિષય : મુલત્વી દસ્તાવેજોના નિકાલ બાબત

સંદર્ભ : (૧) અત્રેના પરિપત્ર ક્રમાંક : વહટ/૪૧/૯૧ તા.૨૯/૫/૯૧

(૨) અત્રેના પરિપત્ર ક્રમાંક : વહટ/૩૭/૯૪/૧૫૬૪૩-૮૨૩ તા.૨૯/૧૧/૯૫

(૩) અત્રેના પરિપત્ર ક્રમાંક : વહટ/૭/૯૮/૯૩૬૩-૯૫૪૪ તા.૨૮/૭/૯૯

# પરિપત્ર :

રાજયની સબરજીસ્ટ્રાર કચેરીઓમાં નોંધણી અર્થે રજુ થતા દસ્તાવેજો જે તે સમયે પ્રવર્તમાન વિવિધ કાયદાકીય જોગવાઈઓને ધ્યાને લઈ જરૂરી પૂર્તતા થવા સારૂ મુલત્વી રાખવામાં આવેલ હોવાનું ધ્યાને આવેલ છે.

સંદર્ભવાળા પરિપત્રોથી મુલત્વી દસ્તાવેજો અંગે કરવાની થતી કાર્યવાહી બાબતે સુચનાઓ આપવામાં આવેલ છે. કેટલીક કાયદાકીય જોગવાઈઓમાં ફેરફાર થતા કે રદ થતા અત્રેથી તેને આનુષાંગિક સુચનાઓ આપવામાં આવેલ છે. (દા.ત. આવકવેરા અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૩૦(ક) તા.૧/૬/૨૦૦૧ થી રદ થતા અત્રેના પરિપત્ર ક્રમાંક : ઈજર/વહટ/૧૦૨/૨૦૦૧/૬૨૨૯-૬૩૪૫ તા.૪/૬/૨૦૦૧ થી કલમ-૨૩૦(ક) ના પ્રમાણપત્રની જરૂર ના હોવાથી તેના અભાવે મુલત્વી રહેલ લેખોની નોંધણીની કાર્યવાહી પુરી કરવા, તે જ રીતે શહેરી જમીન ટોચ મર્યાદા અધિનિયમ-૧૯૭૬ નો કાયદો તા.૩૦/૩/૯૯ થી રદ થતા અત્રેના પરિપત્ર ક્રમાંક : વહટ/૨૬/૯૯/૧૦૦૨૪-૧૦૦૪૯ તા.૧૨/૮/૯૯ થી મુલત્વી રહેલ લેખોની નોંધણીની કાર્યવાહી પુરી કરવા જણાવવામાં આવેલ છે.)

રજીસ્ટ્રેશન અધિનિયમ-૧૯૦૮ ની કલમ-૨૩ મુજબ નિયત સમયમર્યાદા બહાર રજુ થયેલ લેખ માટે કલમ-૨૫ હેઠળ વિલંબ ગ્રાહ્ય રાખવાની કાર્યવાહી માટે તથા કલમ-૩૪ હેઠળ નિયત સમયમર્યાદામાં કબુલાત આપવા માટે કે નિયત સમયમર્યાદા બહાર કબુલાત આપતા વિલંબ ગ્રાહ્ય રાખવાની કાર્યવાહી માટે મુલત્વી રાખવાનો રહે.

અન્ય કાયદાઓની જોગવાઈઓ હેઠળ રજુ કરવાની જરૂરી પૂર્તતાઓના અભાવે મુલત્વી દસ્તાવેજોનું પ્રમાણ નોંધપાત્ર રીતે ઘટવા પામે અને પક્ષકારોને તેઓના દસ્તાવેજો વિનાવિલંબે નોંધણી કરીને પરત કરી શકાય એ માટે સબરજીસ્ટ્રાર કચેરીઓમાં મુલત્વી દસ્તાવેજોનો નિકાલ કરવા અત્રેથી અગાઉ સુચનાઓ આપવામાં આવેલ હોવા છતા હજુ ઘણી કચેરીઓમાં આવા દસ્તાવેજોનું પ્રમાણ વધારે હોવાનું જણાયેલ છે.

જેથી, મુલત્વી દસ્તાવેજોનો નિકાલ કરવા બાબતે નીચે મુજબ સુચનાઓ આપવામાં આવે છે.

(૧) નોંધણી અર્થે રજુ થયેલ લેખ મુલત્વી હોય ત્યારે જે કારણસર લેખ મુલત્વી હોય તેની પૂર્તતા થયેથી રજીસ્ટ્રેશન એકટ-૧૯૦૮, ગુજરાત રજીસ્ટ્રેશન નિયમો-૧૯૭૦, મુંબઈ નોંધણી નિયમ સંગ્રહ ભાગ-૨, ગુજરાત સ્ટેમ્પ એકટ-૧૯૫૮ તથા વખતોવખતની સ્થાયી સુચનાઓને ધ્યાને લઈ મુલત્વી રહેલા દસ્તાવેજોનો નિકાલ કરવા આગળની નિયમોનુસાર કાર્યવાહી સત્વરે હાથ ધરવી.

(૨) જે કારણસર લેખ મુલત્વી રહેવા પામેલ હોય તેની કાયદાકીય જોગવાઈ/આધાર સહિતની વિગત દસ્તાવેજમાં એન્ડોર્સમેન્ટ પેજના છેલ્લા પાને શેરો કરીને જણાવવી અને ડેબુકમાં તેમજ મુલત્વી રજીસ્ટરમાં પણ તે યોગ્ય રીતે દર્શાવવામાં આવે તેની સંપૂર્ણ કાળજી લેવી.

(૩) મુલત્વી લેખના પક્ષકારોને દસ્તાવેજ નોંધણી અર્થે રજુ કરે ત્યારે જ તે ક્યા કારણસર મુલત્વી રહેવા પાત્ર છે તે અંગે જાણ કરવી અને તેની પૂર્તતા માટે સમયાંતરે R.P.A.D. થી તેની પૂર્તતા કરવા પક્ષકારોને જણાવવું.

(૪) મુલત્વી લેખોને જોઈન્ટ સીલ લગાડીને અલગથી સ્કેન કરી લઈ તેનો ડેટા બેક અપ સી.ડી./ડી.વી.ડી/હાર્ડ ડીસ્કમાં સુરક્ષિત રીતે રહે તેમ જાળવવો.

(૫) કોમ્પ્યુટરાઈઝેશન સીસ્ટમ શરૂ થતા અગાઉના તમામ મુલત્વી દસ્તાવેજોની ચકાસણી કરી,મુલત્વી રાખવાનું કારણ, પક્ષકારોને આપેલ નોટીસની વિગતો તથા હુકમ કર્યા ( જો કરેલ હોય તો) ની વિગતો સહિત તેની મુલત્વી રજીસ્ટરમાં યોગ્ય રીતે નોંધ કરી રજીસ્ટર અદ્યતન રાખવું. કોમ્પ્યુટરાઈઝેશન સીસ્ટમ શરૂ થયા બાદના તમામ મુલત્વી લેખોની મુલત્વી રજીસ્ટરની કોમ્પ્યુટરાઈઝડ પ્રીન્ટ સાથે મેળવણું કરી મુલત્વી રાખવા માટેનું કારણ જે કારણસર મુલત્વી રાખેલ હોય તે સિવાયનું દર્શાવેલ હોવાનું જણાય ( દા.ત. Yet to be Decided, D.C. Reference, 32-K વિગેરે) તો મુલત્વી રજીસ્ટરમાં યોગ્ય કારણ દર્શાવી સદર રજીસ્ટર ઉપરોકત મુજબ અદ્યતન રાખવું.

ઉપરોકત સુચનાઓનો અમલ કરવા તથા લેખ અયોગ્ય કારણોસર કે બિનજરૂરી મુલત્વી રાખેલ હોવાનું ધ્યા' આવ્યેથી તેની ગંભીરતાપૂર્વક નોંધ લેવામાં આવશે જેની સંબંધિત સર્વેએ નોંધ લેવા જણાવવામાં આવે છે.

(સહી) રાકેશ શંકર
નોંધણી સર નિરીક્ષક
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રતિ,
સબરજીસ્ટ્રારશ્રી (તમામ) (ઓનલાઈન)

નકલ રવાના :

(૧) નોંધણી નિરીક્ષકશ્રી (તમામ) (ઓનલાઈન)
    ૨/- તપાસણી દરમ્યાન ધ્યાને લેવા તથા અમલવારી કરાવવા સારૂ

(૨) સીનીયર સીસ્ટમ એનાલીસ્ટ
    નેશનલ ઈન્ફોર્મેટીક્સ સેન્ટર, ગાંધીનગર
    ૨/- ગરવી પ્રોગ્રામમાં મુલત્વી દસ્તાવેજોનું સ્કેનીંગ કરવા માટે ઓનલાઈન વ્યવસ્થા મુકવા સારૂ

(૩) મદદનીશ નોંધણી સર નિરીક્ષકશ્રી (વહીવટ/એ.જી./તપા/એ.જી) તરફ જાણ સારૂ

(૪) કચેરીની તમામ શાખાઓ તરફ જાણ સારૂ વહીવટી

રવાના કર્યું

નાયબ નોંધણી સર નિરીક્ષક
ગુજરાત રાજ્ય, ગાંધીનગર